Government Arts College,Kaparada
સરકારી વિનયન કોલેજ, કપરાડા
મુ.પો.- કપરાડા, નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે, તા.- કપરાડા, જી.- વલસાડ. પિનકોડ નં. ૩૯૬ ૦૬૭, સ્થાપના વર્ષ : ૨૦૧૨, ઇ-મેઇલ : gackaparada@gmail.com, web address : www.kapradacollege.org

GACK/2020/સાંસ્કૃતિક/07

DATE: 01/01/2020

## સપ્તધારા સમિતિ અંતર્ગત નાટ્યધારા સમિતિનો અહેવાલ

સરકારી વિનયન કોલેજ કપરાડા ખાતે તા. ૩૦/૧૨/૨૦૧૯ ના રોજ સપ્તધારા અંતર્ગત નાટક અને એક પાત્રિય અભિનય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેમાં સમસ્ત કોલેજ પરિવારના કુલ ૧૩૮ સદસ્યોએ પોતાની ભાગીદારી નોંધાવી. નાટક સ્પર્ધા અંતર્ગત 'મધ્યમ વ્યાયોગ', 'બેટી બચાવો બેટી પઢાવો' અને 'મોબાઈલની આડઅસરો' એમ ત્રણ નાટકો ક્રમશ: એફ.વાય.બી.એ. અને ટી.વાય.બી.એ.ના વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરાયા જેમાં એફ.વાય.બી.એ.ના વિદ્યાર્થીઓ દ્વારા રજુ થયેલ મધ્યમ વ્યાયોગ નાટકને દ્વિતિય ક્રમાંકે અને ટી.વાય.બી.એ.ના વિદ્યાર્થીઓ દ્વારા રજુ થયેલ નાટક મોબાઈલની આડઅસરને પ્રથમ ક્રમાંકે નવાજવામાં આવ્યો. એકપાત્રિય અભિનય સ્પર્ધા અંતર્ગત એસ.વાય.બી.એ.ની વિદ્યાર્થીની રૂક્ષ્મણી થોરાત કે જે કુંતાના પાત્રમાં દેખાયા તેમને પ્રથમ ક્રમાંક અને ટી.વાય.બી.એ.ના સંગીતાબેન ધુમ કે જેમણે શબરીની ભૂમિકા અદા કરી તેમને દ્વિતિય ક્રમાંકે વિભૂષિત કરવામાં આવ્યા. તે દરમિયાન એસ.વાય.બી.એ.ના આનંદીબેન મનસે વિરાંગના લક્ષ્મીબાઈના પાત્રમાં દેખાયા. સ્પર્ધા અંતર્ગત સંસ્કૃત વિષયના પ્રા. ડૉ. મેઘના ધારણેએ મીરાબાઈનું પાત્ર ભજવી વિદ્યાર્થીઓને એકપાત્રિય અભિનયનો ઉત્તમ નમૂનો પૂરો પાડ્યો. સંપૂર્ણ કાર્યક્રમનું સફળ સુત્ર સંચાલન એફ.વાય.બી.એ. ના લતાબેન ધુમ અને સમાપન પ્રાધ્યાપિકા રશ્મિતા રાઠોડ દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમને અંતે કોલેજના પ્રિન્સીપાલશ્રી ડૉ.ડી.એન.દેવરી સાહેબે પ્રોત્સાહક અને સૂચક માર્ગદર્શન આપ્યું સંપૂર્ણ સ્પર્ધા દરમિયાન કોલેજ પરિવારના પ્રા. મનોજભાઈ પટેલ અને પ્રા. કિરણભાઈ ગામીત નિર્ણાયકની ભૂમિકામાં જણાયા.

GOVT. ARTS COLLEGE KAPRADA TA. KAPRADA DIST. VALSAD